# ધો.૯-૧૦માં ડ્રોપઆઉટ રેસિયો ચિંતાજનક, ૨૪ ટકા વિદ્યાર્થીઓએ શાળા છોડી..!!

## ઓ.બી.સી., આદિવાસી સમાજના વિદ્યાર્થીઓમાં ડ્રોપઆઉટ રેસિયો વધુ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

કોરોનાના ભયાવહ સ્વરૂપના કારણે ૧૬ મહિના પછી રાજ્યની શાળાઓમાં ધો.૧૨ માં પ્રત્યક્ષ શિક્ષણ તા.૧૫ જુલાઈ-૨૦૨૧ થી શરૂ થયું છે અને તે પણ ૫૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી સાથે સમગ્ર દેશમાં નવી શિક્ષણ નીતિના વખાણ થઈ રહ્યા છે તેનો સંપૂર્ણ અમલ થતાં ઘણો સમય લાગશે. ત્યારે ધો.૯-૧૦માં ડ્રોપઆઉટ રેસિયો વધી રહ્યાની ચોંકાવનારી વિગતો સર્વેમાં સામે આવી છે. ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં ૨૩.૪૫ ટકા વિદ્યાર્થીઓએ કોઈપણ કારણોસર શાળા છોડ્યાના આંકડાએ શિક્ષણ વિભાગની ઉંઘ હરામ કરી છે.

ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ વધે, અંતરીયાળ વિસ્તારના બાળકોને ઘરઆંગણે સારૂ શિક્ષણ મળે તે માટે રાજ્યની ભાજપ સરકારે અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પણ કરોડોના ખર્ચે સુવિધાયુક્ત શૈક્ષણિક સંકુલો ઉભા કર્યા છે. માત્ર સારા શૈક્ષણિક સંકુલો ઉભા કરવાથી સારૂ શિક્ષણ મળતું નથી પરંતુ પૂરતો શૈક્ષણિક સ્ટાફ પણ જરૂરી હોય છે. રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં છેલ્લા ૬ વર્ષથી ભરતી ઘોંચમાં પડી હતી. પ્રવાસી શિક્ષકો ઉપર મોટાભાગે શાળાઓમાં શિક્ષણ કાર્ય ચાલતું હતું જેના કારણે અનેક શાળાઓનાં પરિણામ સતત નબળાં થતાં રહ્યાં. બોર્ડ પરીક્ષામાં જીરો ટકા પરિણામ લાવનારી શાળાઓએ તો હદ કરી દીધી. રાજ્ય સરકારે શિક્ષણક્ષેત્રે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે અને તેમાં ભૂમિગત શિક્ષણની સમસ્યાઓ સમજતા હોય તેવા

### નવી શિક્ષણ નીતિ બેઅસર

અધિકારી અને કેળવણીકારોના પણ મંતવ્યો લેવાનો સમય પાકી ગયો છે. ગત માર્ચ-૨૦૨૦માં રાજ્યમાં કોરોના ડોકાયો અને ત્યાર પછી કોરોનાના વિકરાળ સ્વરૂપ પછી શૈક્ષણિક સંસ્થાઓ અનિશ્ચિત મુદત સુધી બંધ કરી દેવામાં આવી. શાળાઓ ક્યારે ખુલશે તે બાબતે કોઈ જ કશું કહી શકતું ન હતું. ધો.૧૦-૧૨ સહિત તમામ વર્ગોમાં માસ પ્રમોશન આપી દેવાયું. જેની દુરોગામી અસરોની પણ આલોચના થઈ. ભારતને વિશ્વ ગુરૂ બનાવવાનું આપણે સૌ સ્વપ્ન જોઈ રહ્યા છીએ અને તે માટે સૌથી પહેલાં તો સર્વોત્તમ શિક્ષણ જોઈએ. સારૂ શિક્ષણ હશે તો દરેક ક્ષેત્રે પ્રગતિ કદમ ચૂમતી આવશે. તાજેતરમાં યુ.ડી.આઈ.એસ.ઈ. દ્વારા જે આંકડા જાહેર કરાયા છે જેમાં દેશ અને રાજ્યમાં ધો.૯ અને ૧૦માં ભણતા વિદ્યાર્થીઓ શાળાની બહાર ધકેલાઈ રહ્યાનું અત્યંત દુઃખદ ચિત્ર સામે આવ્યું છે. અગાઉના વર્ષોમાં શિક્ષક અને વર્ગ ટકાવી રાખવા માટે ભૂતિયા વિદ્યાર્થી અને ખોટી હાજરી પુરાતી હતી. હવે સમય બદલાયો છે. બોગસ વિદ્યાર્થીઓ રાખનારી શાળાઓ સામે સંસ્થાની માન્યતા રદ કરવા સુધીનાં પગલાં ભરાયાં અને એકાએક વિદ્યાર્થી સંખ્યા ઘટી ગઈ તેને ક્યાંક ડ્રોપ આઉટ રેસિયો તરીકે પણ આંકલન કરવામાં આવ્યું છે. જે હોય તે પરંતુ ગુજરાતમાં ડ્રોપ આઉટ રેસિયાનું પ્રમાણ ૨૪ ટકા જેટલું છે તેમાંય ગુજરાતમાં ઓ.બી.સી. અને આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ મોટાપાયે ધો.૯ અને ૧૦નું શિક્ષણ છોડી રહ્યા છે. રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગે યુ.ડી.આઈ.એસ.ઈ.ના આ આંકડાને નજર અંદાજ કર્યા વગર હવે આત્મમંથન કરવાનો સમય પાકી ગયો છે. ગુજરાતમાં ઓ.બી.સી. સમાજના ૨૭.૭ ટકા, આદિવાસી સમાજના ૨૬.૬ ટકા, દલિત સમાજના ૨૨.૯ ટકા અને સવર્ણ વર્ગના ૧૬.૬ ટકા વિદ્યાર્થીઓ ધો.૯ અને ૧૦નું શિક્ષણ છોડ્યાનું ગંભીર ચિત્ર સામે આવ્યું છે.

### સરકારી તંત્ર ભ્રષ્ટ હોવાના ગંભીર આરોપ

# મોડાસામાં દેવરાજધામના મહંતે સરકારી જમીન પચાવી પાડી, અન્ય ખેડૂતની જમીન ઉપર કબજો

## લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની માંગ, ૩૨ દિવસ છતાં અરજી પડતર..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

મોડાસાના બાજકોટ વિસ્તારમાં આવેલ દેવરાજધામના મંજૂરીએ સરકારી કર્મચારીઓની મીલીભગતથી ઉતારા પ્રમાણે ૪ ગુંઠા મંદિરમાં દેવરાજ મંદિર હતું

### પ્રાંત અધિકારી યોગ્ય જવાબ આપતા નથી, સર્કલે હડધૂત કર્યા : ખેડૂત પુત્રનો આક્ષેપ



ખેડૂતના પુત્ર નિરવ ઉર્ફે ડાહ્યા પટેલે ગાંધીનગર સમાચારને જણાવ્યું કે અમારી જમીન ઉપર ભૂમાફીયાઓએ ગેરકાયદે કબજો કરી પ્રવેશબંધીનું બોર્ડ લગાવ્યું છે. જ્યારે દેવરાજધામના મહંતે ભ્રષ્ટ અધિકારીઓ સાથે મીલીભગત કરી રીઝર્વ ફોરેસ્ટના નામે ચાલતી સોનાની લગડી જેવી જમીન ઉપર ગેરકાયદે કબજો મેળવી લીધો છે અને આ અંગે અમે પ્રાંત અધિકારી મયંક પટેલ સમક્ષ રજૂઆત કરવા ગયા પરંતુ યોગ્ય જવાબ આપતા નથી. જ્યારે સર્કલ મેહૂલ સોલંકીએ મારા પિતાને હડધૂત કરી દીધા હતા. અમને ન્યાય નહીં મળે તો રાજ્યના મુખ્ય મંત્રી સમક્ષ જઈને અરવલ્લી જિલ્લાના ભ્રષ્ટ વહીવટી તંત્રનો ભાંડો ફોડીશું તેમ જણાવ્યું છે.

મહંતે રીઝર્વ ફોરેસ્ટની જમીન ઉપર ગેરકાયદે કબજો મેળવ્યા પછી અન્ય ખેડૂત દિનેશભાઈ જેસીંગભાઈ પટેલ અને હસમુખભાઈ કોદરભાઈ પટેલ(રહે.સાયરા)ની જમીનમાં કેટલાક લોકોએ ગેરકાયદે કબજો મેળવી જમીન હડપ કરી જતાં લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની ખેડૂતોએ માંગ કરી છે પરંતુ તંત્રએ ૩૨ દિવસ છતાં કોઈ કાર્યવાહી કરી નથી. ફરિયાદમાં કરાયેલા આક્ષેપ મુજબ ભૂમાફીયાઓ દ્વારા સરકારી કર્મચારીઓની મદદગારીથી દેવરાજધામના મહંત દ્વારા તેમાં મોટાપાયે ગેરકાયદેસર અને વગર તેના બદલે સરકારના રેકર્ડ ઉપર મંદિરના નામે વધુ પડતું ગેરકાયદે બાંધકામ કરી જમીન હડપ કરી લીધી છે તેમજ દેવરાજ મંદિર નીચે આવેલ સર્વે નં.૩૧ અને ૩૩ જે સાયરાના ખેડૂતોના સંયુક્ત નામે છે જેમાં ભૂમાફીયાઓ દ્વારા સર્વે નં.૩૧માં નટ લોકોનું ગેરકાયદેસર બોર્ડ લગાવી જમીન હડપ કરવાનો પ્રયાસ કર્યો છે. કોર્ટના મનાઈ હૂકમ છતાં પણ ગેરકાયદે જમીન ઉપર કબજો હોવા છતાં જિલ્લાનું વહીવટી તંત્ર ઉંઘતું હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

અરવલ્લી જિલ્લાના વહીવટી તંત્ર સામે અનેક પ્રકારના ગંભીર આક્ષેપ થઈ રહ્યા છે.

કેટલાક દલાલો ગમે તેટલો ખોટો કેસ હોય તો પણ ભૂમાફીયાઓની તરફેણમાં ઉકેલ લાવી દેતા હોય




તેવી લોકચર્ચા લાંબા સમયથી સંભળાઈ રહી છે. ત્યારે સાયરાના ખેડૂતે જિલ્લાના જવાબદાર અધિકારીઓ ઉપર સનસનીખેજ ગંભીર આક્ષેપ કરતાં હડકંપ મચી ગયો છે. અગાઉ પણ દેવરાજધામનું નિર્માણ થયું છે તે બાબતે તંત્ર સમક્ષ ફરિયાદો થઈ હતી પરંતુ સરકારી તંત્ર કરતાં દેવરાજધામના મહંતનું વધુ ઉપજતું હોય તેવું સાર્વત્રિક ચિત્ર ઉપસી રહ્યું છે. છેલ્લા કેટલાય સમયથી ગેરકાયદે જમીન ઉપરથી ભૂમાફીયાઓને હટાવવાની માંગને વહીવટી તંત્રએ નજરઅંદાજ કરતાં

### નવનિયુક્ત કલેક્ટર અત્યાર સુધીના હુકમોની ફેરતપાસ કરાવે..

મોડાસા તાલુકા તથા આસપાસના વિસ્તારોમાં જમીનને લગતા જે પણ કેસના ચૂકાદા આપવામાં આવ્યા છે તેની પાછલા દોઢ વર્ષની નવનિયુક્ત કલેક્ટર ડાૅ.નરેન્દ્ર મીણા દ્વારા તપાસ કરવામાં આવે તો અનેક ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવશે તેવું કેટલાક લોકોએ જણાવ્યું છે.

હારેલા..થાકેલા ખેડૂતોએ છેવટે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગત તા.૮ જૂન-૨૦૨૧ના રોજ કાર્યવાહી કરવાની માંગ કરી છે. પરંતુ તંત્રને કોનો ડર સતાવે છે..?? તે આજદિન સુધી તપાસ માટે ફૂરસદ નથી.

### પ્રાંત અધિકારી-સર્કલે ફોન ઉપાડવાનું ટાળ્યું..

સબલપુર ગ્રામ પંચાયતના સેજાની બાજકોટ સીમની જંગલ ખાતાની જમીનમાં દેવરાજધામના મહંતે જમીન પચાવી પાડી છે તેમજ સાયરાના બે ખેડૂતોની જમીન ઉપર કેટલાક લોકોએ હાઈકોર્ટનો મનાઈ હુકમ હોવા છતાં કોઈએ પ્રવેશવું નહીં તેવું બોર્ડ લગાવી જમીન હડપવાનો પ્રયાસ કર્યો છે તેવી એક લેખિત ફરિયાદ જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ કરવામાં આવી છે. આ અંગે પ્રાંત અધિકારી-મોડાસા અને વિભાગના સર્કલનો સંપર્ક કરવા છતાં તેઓએ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું હતું.

### મંદિરના મહંત ધનેશ્વરગીરી સામે ગંભીર આક્ષેપ..

સાયરાના ખેડૂત દિનેશભાઈ જે. પટેલ, હસમુખભાઈ કે. પટેલે લેખિત નિવેદનમાં જણાવ્યું છે કે બાજકોટ મંદિરના મહંત તથા તેમના સાગરીતો દ્વારા કરોડોની કમાણી કરી તે પૈસાથી ગરીબોની જમીનો ખરીદી છે અને આજે પણ એ જ પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી છે. બાનાખત તેના સાગરીતો, એજન્ટો દ્વારા થઈ રહ્યા છે અને મોટું કૌભાંડ આચરી રહ્યા છે જેની ન્યાયિક તપાસ થવી જોઈએ તેમ સાયરાના ખેડૂત દિનેશભાઈ જે. પટેલ, હસમુખભાઈ કે. પટેલે જણાવ્યું છે.

# હાડકાં ખોખરાં કરતો માર્ગ : વાત્રક-બાયડ-ડેમાઈ માર્ગ ઉપર ૨૪ કલાકમાં ૩ અકસ્માત, ૪ ને ઈજા

## વર્ષે કરોડોનો વાહન ચાલકો પાસેથી ટેક્ષ ઉઘરાવવા છતાં સુવિધાના નામે મીંડું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ તાલુકામાંથી પસાર થતો રાજ્ય ધોરી માર્ગ વાત્રક-બાયડ-ડેમાઈ-હાલત છે. અનેક સ્થળે રોડ જોખમી બની ગયો છે. ૫ થી ૬ ઈંચ રસ્તો ઉંડો ઉતર્યા પછી નાના વાહન ચાલકો યોગ્ય રીતે



કપડવંજ હાડકાં ખોખરાં કરતા માર્ગ તરીકે પંકાઈ રહ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન વાત્રક, ડીપ અને બોરલ પાસે સર્જાયેલા અકસ્માતમાં ૪ જણને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. દર વર્ષે કરોડોનો વાહન ચાલકો પાસેથી ટેક્ષ ઉઘરાવવામાં આવે છે છતાં સુવિધાના નામે મીંડું છે. નડીયાદ તાબાના અધિકારીઓ જવાબદાર એજન્સી સામે કેમ ઘૂંટણો ટેકવી છે તે અરવલ્લી જિલ્લાની પ્રજાને સમજાતું નથી.

ગુજરાતમાં મોટાભાગના વિસ્તારને જોડતા માર્ગોમાં સુધાર આવ્યા પછી કહેવાય છે કે વાહનમાં બેઠા હોય તો પેટનું પાણી પણ ન હાલે. પરંતુ વાત્રક-બાયડ-બોરલ સુધીના સ્ટેટ હાઈવે ઉપર દહીં લઈને વાહનમાં બેઠા હોય તો ૨૦ કી.મી. માર્ગ ઉપર ગંતવ્ય સ્થળે પહોંચતાં છાશ થઈ જાય તેવી રોડની વાહન હંકારે તે પણ પટકાઈ પડવાનો ભય સૌથી વધુ હોય છે.

અખબારમાં આવેલા અહેવાલ પછી સફાળા જાગેલા તંત્રએ કેટલાક સ્થળે મરામત કરી અને પછી અદ્રશ્ય થઈ ગયા. પાછલા ૧૦ વર્ષથી રોડ એજન્સી વહીવટી તંત્ર માટે માથાના દુઃખાવારૂપ બની છે. ચોમાસુ આવે ત્યારે પણ પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનનો અમલ થતો નથી અને નડીયાદ તાબાના આર.એન્ડ બી. વિભાગના અધિકારીઓની પોલ એજન્સી જાણી ગઈ હોય તે રીતે તેઓ પણ રસ્તાના મરામત માટે એજન્સીને કહી શકતા નથી. હવે ધો.૧૨ના વર્ગો શરૂ થયા છે. વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અપડાઉન કરતા થશે ત્યારે વાત્રક થી બોરલ સુધીના હાડકાં ખોખરાં કરતા માર્ગનું સમારકામ નહીં થાય તો અનેક વિદ્યાર્થીઓ પણ ઈજાગ્રસ્ત બને તેવી દહેશત સેવાય છે.

### સોશિયલ મીડીયાથી પ્રેમ પાંગર્યો અને શરૂ થઈ પ્રેમ કહાની

# મોડાસામાંથી બે પરણિતાઓ ગુમ થયા પછી હેમખેમ પોલીસ પરત લઈ આવી, વડોદરામાં રોકાણ કર્યું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

મોડાસાના માર્બલના વેપારમાં ભાગીદારોની પત્નિઓ એકાએક ગુમ થયા પછી હડકંપ મચી ગયો. પોલીસે આધુનિક ઢબનો ઉપયોગ કરી ગુમ થયેલી પરણિતાઓને શોધી કાઢી હેમખેમ પરત લાવી છે પરંતુ બહાર આવેલી જાણકારી મુજબ સોશ્યલ મીડીયામાં પ્રેમ પાંગર્યો અને શરૂ થઈ પ્રેમકહાની તે મુજબ તે પૈકીની એક પરણિત મહિલા મળવા ગઈ હતી અને તેમાં અન્ય પરણિતાએ સાથ આપ્યો હતો. જ્યારે પોલીસ તપાસ દરમ્યાન તેમને વડોદરામાં પ્રેમીના સબંધીના ત્યાં રોકાણ કર્યાનું પણ બહાર આવ્યું છે.

અરવલ્લીની રાજધાની મોડાસા શહેરમાં અનેક ચોંકાવનારી ઘટનાઓ બને તે નવાઈ નથી અનેક મહિલાઓ, યુવતીઓ ગુમ થઈ છે. કેટલાય કૌભાંડો દબાવી દેવામાં આવ્યા છે, પોલીસના વહીવટદારો જાહેરમાં રોંફ જમાવતા હોવાના અને ઉઘરાણું કરતા હોવાના વિડીયો વાયરલ થયા છે, ખાખી વર્દી નશામાં ધૂત બની પોલીસની આબરૂના ધજાગરા કરતી પણ જોવા મળી છે. પરંતુ જ્યારે ધંધામાં બે પાર્ટનર હોય અને તે બંન્નેની પત્નિઓ એક સાથે ગુમ થઈ જાય ત્યારે જરૂર ચોંકાવનારી બાબત બની જતી હોય છે. બસ આવું જ બન્યું મોડાસા શહેરમાં માર્બલની ફેક્ટરી ધરાવતા બે પાર્ટનરોની પત્નિઓ ગુમ થઈ ગઈ, અનેક પ્રકારની અટકળો શરૂ થઈ, કોઈ ઉઠાવી ગયું હશે કે પછી કોઈ પ્રેમ પ્રકરણ હશે..?? તેવી અનેક થીયરી ઉપર પોલીસે તપાસ શરૂ કરી. પોલીસ દ્વારા પરણિતાઓ બજારમાં ખરીદી માટે ગઈ હતી તે થીયરીને ધ્યાને રાખી કેટલાક સી.સી.ટીવી કેમેરા અને અન્ય વિગતો એકત્ર કરી અને હાઈટેક ટેકનોલોજીના સહારે ગુમ પરણિતાઓ આણંદ નજીકથી મળી આવી. પૂછતાછમાં જાણવા મળ્યું કે ગુમ થઈ ગયેલી બંન્ને પરણિતાઓ પૈકી એક પરણિતાને ફેસબુક ઉપર સંપર્કમાં આવેલા આણંદના અમિત પટેલ નામના યુવાન સાથે પ્રેમ સબંધ બંધાયો અને મળવા માટે પોતાની સખી બનેલી પાર્ટનરની પત્નિને લઈને તે આણંદ પહોંચી હતી જો કે પોલીસે આ થીયરીનો સ્વીકાર કરી સુખી સંસારને ઉજ્જડ થતો અટકાવવાનો પ્રયાસ થયો છે તે સરાહનિય છે પરંતુ આ સમગ્ર પ્રકરણમાં અનેક રહસ્યસ્ફોટ જમીનમાં ધરબાઈ જાય તે પણ એટલા જ જરૂરી છે.

### માત્ર પૈસો..પૈસો કરતા વેપારીઓ સાવધાન..

બાયડ : અનેક વેપારીઓ માત્ર પૈસા પાછળ પાગલ થયા છે જે પત્નિ અને પરિવાર સાથે ઓછો સમય આપે છે. જેના કારણે અનેક પરણિતાઓ પરપુરૂષ પ્રત્યે આકર્ષાય છે. કેટલાક કિસ્સાઓમાં આર્થિક સંકળામણ પણ પ્રેમ પ્રકરણ માટે કારણભૂત બનતી હોય છે. મોડાસા ટાઉન પોલીસે શહેરની બે પરણિતાઓ ગુમ થયા પછી ગણતરીના કલાકોમાં શોધી કાઢી મહિલા અધિકારી પોતે પણ સમજે છે કે મહિલાઓ માટે શું સારૂ અને શું ખરાબ..?? જેથી સંભવ છે કે આ મામલો આવનારા દિવસોમાં શાંત થઈ જશે પરંતુ માત્ર પૈસો..પૈસો કરતા અને ઘરે જઈને કકળાટ કરતા વેપારીઓએ સાવધાન થવાની જરૂર છે.


આભાર

'સહકાર થી સમૃદ્ધિ'ના સપનાને સાકાર કરવા

તથા

દેશના સહકારી માળખાને મજબૂત કરવા 'સહકાર મંત્રાલય' શરૂ કરવા બદલ

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો

ખૂબ ખૂબ આભાર.




છેલ્લા ૨૦ વર્ષથી સહકારી ક્ષેત્રના શિલ્પી

માન. શ્રી અમિતભાઈ શાહને

દેશના સર્વ પ્રથમવાર બનતા

સહકાર મંત્રાલયની ધુરા સંભાળવા બદલ

ખૂબ ખૂબ અભિનંદન.



ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર

મહેશભાઇ અમીચંદભાઇ પટેલ

ચેરમેનશ્રી

SK BANK સાકો બેંક

The Sabarkantha District Central Co-operative Bank Ltd.

તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા કર્મચારી પરીવાર